Sunday
14.06.2026
*Volume :10 * Issue No.338
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત   વંદે માતરમ્

# કમલમ્

KAMALAM   ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક   Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-






# રક્ષા મંત્રીએ એરફોર્સ એકેડેમી, ડુંડીગલ ખાતે ૨૧૭મા કોર્સની કમ્બાઈન્ડ ગ્રેજ્યુએશન પરેડની સમીક્ષા કરી

## નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA) ના મહિલા પ્રવેશકોની પ્રથમ બેચ સહિત ૨૩૧ ફ્લાઇટ કેડેટ્સ ભારતીય વાયુસેનામાં અધિકારીઓ તરીકે સામેલ થયા









કમલમ્,

૧૩ જૂન, ૨૦૨૬ના રોજ એરફોર્સ એકેડેમી (AFA), ડુંડીગલ, હૈદરાબાદથી ગ્રેજ્યુએટ થયા બાદ, નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA) ના મહિલાઓની પ્રથમ બેચ સહિત કુલ ૨૩૧ ફ્લાઈટ કેડેટ્સ (૧૯૪ પુરુષો અને ૩૭ મહિલાઓ) ભારતીય વાયુસેના (IAF) માં અધિકારીઓ તરીકે સામેલ થયા હતા. રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે ૨૧૭મા કોર્સની કમ્બાઈન્ડ ગ્રેજ્યુએશન પરેડની સમીક્ષા કરી હતી, અને ગ્રેજ્યુએટ થતા કેડેટ્સને 'પ્રેસિડેન્ટ્સ કમિશન' એનાયત કર્યું હતું, જે વાયુસેનાની ફ્લાઈંગ અને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાન્ચના કેડેટ્સની પ્રી-કમિશનિંગ તાલીમની પૂર્ણાહુતિ દર્શાવે છે.

આ પ્રસંગે ભારતીય નૌસેનાના નવ (૦૯) અધિકારીઓ, ભારતીય કોસ્ટ ગાર્ડના ૦૩ અને સોશિયાલિસ્ટ રિપબ્લિક ઓફ વિયેતનામના ૦૨ અધિકારીઓને 'વિંગ્સ' એનાયત કરવામાં આવ્યા હતા. નેવિગેશન તાલીમ પૂર્ણ થવા પર ૦૩ અધિકારીઓને 'બ્રેવેટ્સ' (Brevets) આપવામાં આવ્યા હતા. ગ્રેજ્યુએટ થતા કેડેટ્સને અભિનંદન આપતાં રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે તેઓ એવી સેવામાં જોડાઈ રહ્યા છે જેણે દેશ માટે સતત ઢાલ અને તલવાર બંને તરીકે સેવા આપી છે. ''ભારતીય વાયુસેનાએ શ્રીનગર એરલિફ્ટ દ્વારા કાશ્મીરમાં ૧૯૪૭-૪૮ના યુદ્ધની દિશા બદલી નાખી હતી અને ૧૯૭૧ ના યુદ્ધ દરમિયાન નિર્ણાયક હવાઈ હુમલાઓ સાથે માત્ર ૧૩ દિવસમાં ઈતિહાસ રચ્યો હતો. તેમની અદમ્ય ભાવના અને અજોડ બહાદુરી ૨૦૨૫ ના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પ્રદર્શિત થઈ હતી જ્યારે તેઓએ સ્પષ્ટતા અને ચોકસાઈ સાથે આતંકીઓના અડ્ડાઓનો નાશ કર્યો હતો. આ ઓપરેશન માત્ર આપણા સ્વદેશી પ્લેટફોર્મ્સ દ્વારા જ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું ન હતું, પરંતુ વાયુસેનાના પ્રશિક્ષિત, હિંમતવાન અને શિસ્તબદ્ધ અધિકારીઓને કારણે પણ સફળ રહ્યું હતું. મને વિશ્વાસ છે કે તે ભવિષ્યના ઓપરેશન્સમાં પણ આવી જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે,'' તેમણે કહ્યું. શ્રી રાજનાથ સિંહે અધિકારીઓને ઉભરતા પડકારો પ્રત્યે સતત સજાગ રહેવા અને સ્થિતિની માંગ મુજબ તેમના પ્રતિભાવોને પુનઃ-વ્યવસ્થિત કરવા હાકલ કરી હતી. ''યુદ્ધમાં પરંપરાગત રીતે બે વેક્ટર્સ સામેલ હોય છેઃ સૈનિક અને તેમના સાધનો. જો કે, આધુનિક યુદ્ધમાં, ન તો દુશ્મન ઘણીવાર દેખાય છે કે ન તો ઉપયોગમાં લેવાતું શસ્ત્ર. રડાર, સેટેલાઈટ, ડ્રોન, સેન્સર્સ અને રોબોટિક્સ જેવી પ્રણાલીઓ લડવૈયા અથવા તેમની મશીનરીની ભાળ મેળવવી અશક્ય બનાવે છે. એવી પરિસ્થિતિઓ પણ છે જ્યાં વિરોધીઓના ટ્રાફિક સિસ્ટમ્સ અને સીસીટીવી નેટવર્ક સાથે પણ ચેડાં કરવામાં આવી રહ્યા છે અને તેને નિયંત્રિત કરવામાં આવી રહ્યા છે. તમારા તાલીમ કાર્યક્રમો અને કવાયતોએ તમને અનિશ્ચિતતાઓ અને અણધાર્યા પડકારોનો સામનો કરવા માટે સારી રીતે તૈયાર કર્યા છે. તમારે હંમેશા એલર્ટ રહેવું જોઈએ,'' તેમણે કહ્યું. રક્ષા મંત્રીએ ગ્રેજ્યુએટ થતા કેડેટ્સને ભવિષ્યની યુદ્ધ પ્રણાલીઓ અને વ્યૂહરચનાઓને સમજવા, અપનાવવા અને જ્યારે જરૂર પડે ત્યારે તેમાં ફેરફાર કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે તમામ મોરચે નવીનતા લાવવા, અમલ કરવા અને નિર્ણાયક સરસાઈ મેળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ''દરેક સંઘર્ષ શીખવાની એક તક તરીકે કામ કરે છે. તમારે સખત પરિશ્રમ સાથે સ્માર્ટ વર્ક અને તેજસ્વીતાનો સમન્વય કરવો પડશે. વર્તમાન યુગમાં, સ્માર્ટ રાષ્ટ્રો ટેકનોલોજીના ક્ષેત્રમાં પોતાના માટે એક મહત્વપૂર્ણ સ્થાન બનાવી રહ્યા છે. અગાઉ એવું માનવામાં આવતું હતું કે મોટી શક્તિઓ દરેક મોરચે નિર્ણાયક સરસાઈ ધરાવે છે, પરંતુ આજે નાની શક્તિઓ પણ કોમ્પેક્ટ છતાં ઘાતક શસ્ત્રો અને નવીન વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને મોટા પ્લેટફોર્મ્સને મોટા પાયે નુકસાન પહોંચાડે છે,'' તેમણે ઉમેર્યું. શ્રી રાજનાથ સિંહે અધિકારીઓને ક્યારેય શીખવાનું અને તાલીમ લેવાનું બંધ ન કરવા વિનંતી કરી, અને ભારપૂર્વક જણાવ્યું કે તેમના ખભા પરની 'વિંગ્સ' માત્ર એક બેજ નથી, પરંતુ દરેક ભારતીયના વિશ્વાસનું પ્રતીક છે. ''તમે જે જવાબદારી સંભાળવા જઈ રહ્યા છો તે સ્વાભાવિક રીતે એટલી જટિલ છે કે તમારે ઘણીવાર મિનિટોમાં નહીં, પણ સેકન્ડોમાં અથવા તેનાથી પણ ઓછા સમયમાં નિર્ણયો લેવા પડશે. તમારે વ્યાવસાયિકતા અને આચરણના આવા ઉચ્ચ ધોરણો સતત જાળવી રાખવા જોઈએ જે અન્ય લોકોને પ્રેરણા આપે,'' તેમણે કહ્યું. મહિલા અધિકારીઓને વિશેષ અભિનંદન આપતાં રક્ષા મંત્રીએ જણાવ્યું હતું કે નારી શક્તિની વધતી જતી ઉપસ્થિતિ વાયુસેનાને વધુ મજબૂત કરશે અને તેને વધુ મજબૂત તેમજ સંતુલિત બનાવશે. ''આ આપણી સમાવેશી સેનાની શક્તિ દર્શાવે છે,'' તેમણે કહ્યું. તેમણે ગ્રેજ્યુએટ થતા વિયેતનામના કેડેટ્સને પણ તેમના ભવિષ્યના પ્રયાસોમાં સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી, અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમની તાલીમ બંને દેશો વચ્ચેની મિત્રતાને મજબૂત કરશે.

શ્રી રાજનાથ સિંહે દેશ અને વિદેશમાં અસંખ્ય બચાવ અભિયાનો (રેસ્ક્યુ મિશન) ને સફળતાપૂર્વક પાર પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ વાયુસેનાની પ્રશંસા કરી હતી, જે રાષ્ટ્રીયતા, ભાષા અથવા સરહદોથી પર થઈને સમગ્ર માનવતાની સહાય કરવાની ભારતીય સંસ્કૃતિ અને લોકાચારને પ્રતિબિંબિત કરે છે. ''ઘણીવાર એવું કહેવાય છે કે 'આકાશ એ જ સીમા છે' (the sky is the limit). તે ચોક્કસપણે વાયુસેના માટે સાચું છે, પરંતુ તમારે 'આકાશ આપણું ઘર છે'ના વિઝન સાથે આગળ વધવું જોઈએ. આ જ વિઝન આપણને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવામાં મદદ કરશે,'' તેમણે પોતાના સંબોધનનું સમાપન કરતા કહ્યું. રિવ્યુઈંગ ઓફિસરને પરેડ દ્વારા જનરલ સેલ્યુટ રજૂ કરવામાં આવી હતી અને ત્યારબાદ પ્રભાવશાળી માર્ચ પાસ્ટ યોજાઈ હતી. પરેડની વચ્ચે એર સ્ટાફના ચીફ એર ચીફ માર્શલ એ. પી. સિંહની આગેવાની હેઠળ એક આકર્ષક અને સુમેળભર્યું ફ્લાયપાસ્ટ યોજાયું હતું. ફ્લાયપાસ્ટમાં ચાર પ્રકારના ટ્રેનર એરક્રાફ્ટ એટલે કે પીલાતસ PC-7 Mk II, હોક (Hawk), કિરણ (Kiran) અને ચેતક હેલિકોપ્ટર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પરેડના સમાપનમાં નવા નિયુક્ત અધિકારીઓ માર્શલ માર્ચિંગ ટ્યુનની ગુંજ વચ્ચે બે કોલમમાં બહાર નીકળ્યા હતા, જ્યાં તેમના તાત્કાલિક જૂનિયરો દ્વારા તેમને પ્રથમ સેલ્યુટ આપવામાં આવી હતી. વિવિધ તાલીમ શાખાઓમાં તેમની અસાધારણ કામગીરીની માન્યતામાં, રક્ષા મંત્રીએ ગ્રેજ્યુએટ થતા અધિકારીઓને પુરસ્કારો એનાયત કર્યા હતા. ફ્લાઈંગ ઓફિસર આશિષ કુમાર યાદવને પાયલોટ કોર્સમાં ઓવરઓલ ઓર્ડર ઓફ મેરિટમાં પ્રથમ આવવા બદલ પ્રતિષ્ઠિત 'પ્રેસિડેન્ટ્સ પ્લેક' અને 'નવાનગર સ્વોર્ડ ઓફ ઓનર' એનાયત કરવામાં આવી હતી. ફ્લાઈંગ ઓફિસર એકતા ગુપ્તાને નેવિગેશન સ્ટ્રીમમાં ઓવરઓલ ઓર્ડર ઓફ મેરિટમાં પ્રથમ આવવા બદલ 'પ્રેસિડેન્ટ્સ પ્લેક' એનાયત કરવામાં આવી હતી. ફ્લાઈંગ ઓફિસર દિવ્યાંશી સિંહને ગ્રાઉન્ડ ડ્યુટી બ્રાન્ચમાં ઓવરઓલ ઓર્ડર ઓફ મેરિટમાં પ્રથમ આવવા બદલ 'પ્રેસિડેન્ટ્સ પ્લેક' એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આકાશ ગંગા અને ''શક્તિ'' ધ વુમન એર વોરિયર ડ્રિલ ટીમ દ્વારા પ્રદર્શન પણ સામેલ હતું, જેને પ્રેક્ષકો દ્વારા ખૂબ જ બિરદાવવામાં આવ્યું હતું.

સુખોઈ (Su-30 MKI) દ્વારા મનમોહક એરોબેટિક્સ પ્રદર્શન, સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમ અને સૂર્યકિરણ એરોબેટિક ટીમ પરેડના ગ્રાન્ડ ફિનાલેનો ભાગ બન્યા હતા. આ પ્રસંગે ટ્રેનિંગ કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ એસ. શ્રીનિવાસ, AFA ના કમાન્ડન્ટ એર માર્શલ રાહુલ ભસીન અને વાયુસેનાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કમિશનિંગ સેરેમની ગ્રેજ્યુએટ થતા અધિકારીઓ માટે અત્યંત મહત્વ ધરાવે છે કારણ કે તેમને તેમના ગૌરવશાળી માતા-પિતા અને પરિવારના સભ્યોની હાજરીમાં 'પ્રેસિડેન્ટ્સ કમિશન' એનાયત કરવામાં આવે છે. આ મહત્વપૂર્ણ પ્રસંગ સન્માન, ગૌરવ અને દેશની સેવા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા વ્યાખ્યાયિત એક વિશિષ્ટ પ્રવાસની શરૂઆત દર્શાવે છે. તેમને શપથ લેવડાવવામાં આવે છે, જ્યાં તેઓ દેશની સાર્વભૌમત્વ અને સન્માનની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લે છે.

# થરાદ ખાતે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત 'અર્બન વન કવચ'નું ખાતમુહૂર્ત કરાયું

## અર્બન વન કવચ થરાદ શહેર માટે ફેફસાં સમાન કાર્ય કરશેઃ પર્યાવરણની જાળવણી આપણી સામૂહિક જવાબદારીઃ અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી











## વડાપ્રધાનશ્રીના 'એક પેડ માઁ કે નામ' અભિયાનને જનઆંદોલન બનાવવા થરાદ ખાતેથી વિધાનસભાના અધ્યક્ષશ્રીની જાહેર અપીલ

કમલમ્, થરાદ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના અને જનકલ્યાણના અભિયાન અંતર્ગત વાવ-થરાદ જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજરોજ થરાદ ખાતે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને એક પેડ માઁ કે નામ અભિયાન અંતર્ગત અર્બન વન કવચનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ પર્યાવરણની જાળવણી અને વૃક્ષારોપણના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, થરાદ અને સમગ્ર બનાસકાંઠા પંથકને હરિયાળું અને પર્યાવરણમૈત્રી બનાવવું એ સૌની સામૂહિક જવાબદારી છે. "એક પેડ મા નામ" અભિયાન પ્રકૃતિ પ્રત્યેની આપણી લાગણી અને જવાબદારીનું પ્રતિક છે. આ અભિયાન થકી સમગ્ર વિસ્તારમાં હરિયાળી વધશે અને પર્યાવરણ સંરક્ષણને નવી દિશા મળશે. અધ્યક્ષશ્રી શંકરભાઈએ જણાવ્યું કે, "અર્બન વન કવચ" થરાદ શહેર માટે હરિયાળું આવરણ બનીને શહેરના ફેફસાં સમાન કાર્ય કરશે. આ પ્રોજેક્ટ શહેરના પર્યાવરણને વધુ શુદ્ધ બનાવવામાં, જૈવ વૈવિધ્યતાના સંવર્ધનમાં તેમજ આવનારી પેઢીઓ માટે સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ સર્જવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "એક પેડ મા નામે" અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે સૌને સક્રિય ભાગીદારી નોંધાવા અપીલ કરી હતી. ગુજરાત સરકારશ્રી, વન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર વાવ-થરાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, પર્યાવરણપ્રેમીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ અને હરિયાળા પર્યાવરણના સંદેશ સાથે પર્યાવરણ જાગૃતિનો વ્યાપક સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં થરાદ નગરપાલિકાના પ્રમુખશ્રી અર્જુનસિંહ વાઘેલા, નાયબ વન સંરક્ષકશ્રી, વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિતિ નોંધાવી હતી.

## તંત્રી સ્થાનેથી......

આગામી તા. ૨૧ જૂનના રોજસમગ્ર વિશ્વમાં યોગ દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી થનાર છે, જે માટે ગુજરાત રાજ્યયોગ બોર્ડ અને યોગ સાથે જોડાયેલી અનેક સંસ્થાઓ દ્વારા પણ તડામાર તૈયારી ચાલી રહી છે. ત્યારેવલસાડ જિલ્લા આયુર્વેદ શાખા અને જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે યોગ વિશે જનજાગૃતિ ફેલાવવા માટે ઝુંબેશ શરૂ કરાઈ છે. વિશ્વ યોગા દિવસની આ વર્ષની થીમ છે "Yoga for Healthy Ageing". આ થીમનો મુખ્ય ઉદ્દેશ યોગ દ્વારા વૃદ્ધાવસ્થામાં પણ શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય જાળવવાનો છે. યોગ વ્યક્તિને વધુ સક્રિય, સ્વાવલંબી અને નિરોગી જીવન જીવવામાં મદદ કરે છે. જેમાં સૂર્ય નમસ્કાર ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. તો આજે જાણીશું સૂર્ય નમસ્કારનું મહત્વ, તેની ૧૨ સ્થિતિ અને તેના ફાયદા વિશે. સૂર્ય નમસ્કાર વિશે વલસાડ જિલ્લા આયુર્વેદ શાખાના પારડી સ્થિત સરકારી દવાખાનાના મેડિકલ ઓફિસરશ્રી ડૉ. હેમિલ ડી. પટેલ (એમ.ડી.) જણાવે છે કે, ધરતી પર ઊર્જાનાં સ્રોત- હવા,પાણી, સૂર્ય વગેરેમાંથી સૂર્યમુખ્ય છે. તેના દ્વારા સમગ્ર પ્રાણી જગત ઊર્જિત થાય છે. પ્રાતઃકાળનાં ઊગતા સૂર્યનાં કિરણો આપણા શરીર પર વિશિષ્ટ ચિકિત્સીય અસર કરે છે. સૂર્ય નમસ્કારની ૧૨ સ્થિતિઓ એકવાર પૂર્ણકરવી એ એક આવૃત્તિ (ચક્ર) કહેવાય છે. સૂર્ય નમસ્કારનો વધુમાં વધુ લાભ પ્રાપ્ત કરવામાં માટે પ્રત્યેક દિવસમાં ૧૦ થી ૧૫ આવૃત્તિનો અભ્યાસ કરવો જોઈએ. ૧૨ સ્થિતિઓ કરતી વખતે પૂરક, રેચક અને કુંભક ધ્યાનમાં રાખવાથી વિશેષ લાભ મળે છે. બીમારી અવસ્થામાં સૂર્ય નમસ્કાર ના કરવા જોઈએ અથવા યોગ શિક્ષકની સલાહ લઈને જ કરવા જોઈએ. સૂર્ય નમસ્કારની ૧૨ સ્થિતિઓ જોઈએ તો, ૧. પ્રણામાસન, ૨. ઉર્વહસ્તાસન, ૩. પાદહસ્તાસન, ૪. દક્ષિણ અશ્વસંચાલનાસન, ૫. પર્વતાસન, ૬. સાષ્ટાંગાસન, ૭. ભુજંગાસન, ૮.પર્વતાસન, ૯. વામ અશ્વસંચાલનાસન, ૧૦.પાદહસ્તાસન, ૧૧. હસ્તોત્તનાસન અને ૧૨. પ્રણામાસન છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે પોરબંદરમાં કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદ યોજાઈ

### ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક સુરક્ષા અને રોજગાર ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન : ડો. મનસુખ માંડવિયા



કમલમ્,પોરબંદર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે કેન્દ્રીય શ્રમ, રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી શ્રી ડો મનસુખ માંડવીયાએ પોરબંદરમાં મીડિયા સાથે સંવાદ કર્યો હતો કેન્દ્રીય રમત ગમત મંત્રી શ્રી ડો મનસુખ માંડવીયાએ જણાવ્યુંહતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, સામાજિક સુરક્ષા, કૃષિ, મહિલા સશક્તિકરણ, રોજગાર અને આર્થિક વિકાસના ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે.તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૧૪ પહેલાં દેશમા દરરોજ સરેરાશ ૯ કિલોમીટર નેશનલ હાઈવેનું નિર્માણ થતું હતું, જે આજે વધીને ૨૮ કિલોમીટર સુધી પહોંચ્યું છે. તે જ રીતે રેલવે લાઈનના વિસ્તરણની ગતિ પણ વધીને પ્રતિદિન ૧૪ કિલોમીટર સુધી પહોંચી છે. એરપોર્ટ, માર્ગ અને રેલવે નેટવર્કના વિસ્તરણથી દેશના માળખાકીય વિકાસને નવી દિશા મળી છે. સામાજિક સુરક્ષાના ક્ષેત્રે થયેલી પ્રગતિનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે ૨૦૧૪ પહેલાં દેશની માત્ર ૧૯ ટકા વસ્તી સામાજિક સુરક્ષાના દાયરામાં હતી, જ્યારે આજે આશરે ૬૪ ટકા વધુ લોકો વિવિધ સુરક્ષા યોજનાઓનો લાભ લઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે જનધન યોજના અને ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર (DBT) વ્યવસ્થાના કારણે સરકારી સહાય સીધી લાભાર્થીઓના ખાતામાં જમા થવા લાગી છે, જેના પરિણામે વહીવટી જટિલતા અને મધ્યસ્થીઓની ભૂમિકા ઘટી છે. મધ્યમ વર્ગને રાહત આપવા માટે આવકવેરા માળખામાં પણસુધારા કરવામાં આવ્યા છે. કૃષિ ક્ષેત્ર અંગે તેમણે જણાવ્યું કે ગુજરાતમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ખેડૂતોમાટે રૂ. ૧૦હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યુ છે. ઉપરાંત, મગફળીના પાકની ખરીદી ટેકાના ભાવ (MSP) પર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો વધુમાં તેમણે મહિલા સશક્તિકરણ અંગે વાત જણાવ્યું કે વર્ષ ૨૦૨૩માં સંસદ દ્વારા ૩૩ ટકા મહિલા અનામત બિલ પસાર કરવામાં આવ્યું છે, જેનાથી ભવિષ્યમાં મહિલાઓના રાજકીયપ્રતિનિધિત્વમાં વધારો થશે. વિદેશ નીતિ અંગે તેમણે જણાવ્યું કે ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાંવૈશ્વિક સ્તરે પોતાની મજબૂત ઓળખ ઉભી કરી છે. વિવિધ દેશો સાથેના સંતુલિત સંબંધોના કારણે ભારતનીઆંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં વધારો થયો છે. રોજગારના મુદ્દે વાત કરતા તેમણે જણાવ્યું કે દેશના વિકાસ દરની સાથે રોજગાર સર્જનનેપણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. રિઝર્વ બેંક અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના આંકડાઓ મુજબ છેલ્લા દાયકામાં રોજગારીની તકોમાં નોંધપાત્ર વધારો થયો છે. પોરબંદર લોકસભા વિસ્તારમાં યુવાનોને રોજગારીની તક ઉપલબ્ધ કરાવવા માટે વિશેષ રોજગાર ડેશબોર્ડ તૈયાર કરવામાં આવ્યું હોવાનું જણાવતાં તેમણે કહ્યું કે લગભગ ૨૦૦ કંપનીઓ સાથે સંકલન કરીને ૫૨ હજારથી વધુ ખાલી જગ્યાઓની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૨ હજારથી વધુ યુવાનો નોંધણી કરાવી ચૂક્યા છેઅને વિવિધ કંપનીઓ દ્વારા પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે દેશના વિકાસમાં યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી માર્ગદર્શન હેઠળ "વિકસિત ભારત યંગ લીડર ડાયલોગ" જેવા કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. સાથે જ સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે સરકારી સંશોધન પ્રયોગશાળાઓ વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીઓ અને ખાનગી ક્ષેત્ર માટે પણ ખુલ્લી મુકવામાં આવી છે. વધુમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે દેશ આજે મજબૂત અર્થવ્યવસ્થા, ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, સામાજિક સુરક્ષા અને યુવા શક્તિના બળ પર વિકસિત ભારતના સંકલ્પ તરફ આગળ વધી રહ્યો છે. આ દરમિયાન તકે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, જિલ્લા ભાજપ પ્રભારી શ્રી વિમલભાઈ કગથરા, પોરબંદર મહાનગરપાલિકા મેયર શ્રી સાગરભાઈ મોદી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી વિક્રમભાઈ ઓડેદરા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ડો. ચેતાબેન તિવારી, મહામંત્રી સર્વ શ્રી પ્રવીણ ખોરાવા, પ્રવીણ ઓડેદરા, રેડક્રોસ સોસાયટીના ચેરમેનશ્રી રામદેવભાઈ મોઢવાડિયા, શ્રી પ્રદીપભાઈ ખીમાણી સહિતના અગ્રણીઓ અને પત્રકારો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં

# રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીમાં રાષ્ટ્રના મહાપુરૂષોને સ્વચ્છતા અંજલિ અર્પણ કરી

### ગાંધીચોક અને મહાનગરપાલિકા કચેરી ખાતે શહીદ ભગતસિંહ અને બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓની સફાઈ કરી પુષ્પમાળા અર્પણ કરી વંદન કર્યા



કમલમ્, મોરબી

મોરબી જિલ્લામાં '૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના, જન કલ્યાણના' અંતર્ગત અનેકવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાંઆવી રહી છે. જેના ભાગરૂપે હાથ ધરવામાં આવેલા વ્યાપક સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ દેશના મહાન સપૂતો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી પ્રેરણાદાયી શ્રમદાન કર્યું હતું. મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીના ગાંધીચોક ખાતે સ્થિત શહીદ વીર ભગતસિંહજીની પ્રતિમા તેમજ મોરબી મહાનગરપાલિકા કચેરી પરિસરમાં આવેલી બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની સાફ-સફાઈ કરી સ્વચ્છતાનો ઉમદા સંદેશ આપ્યો હતો. સફાઈ બાદ મંત્રીશ્રીએ બંને રાષ્ટ્રીય મહાપુરૂષોની પ્રતિમાઓને આદરપૂર્વક પુષ્પમાળા અર્પણ કરી, ભાવવંદન કર્યા હતા. આ પ્રસંગે મોરબી મહાનગરપાલિકાના મેયરશ્રી ઉત્તમ સુરાણી, મહાનગરપાલિકાના કમિશનરશ્રી સંગીતા રૈયાણી, ડેપ્યુટી મેયરશ્રી ચિરાગભાઈ રાણપરા, નાયબ કમિશનરશ્રી સંજય સોની તેમજ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ અને અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# 'રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીના પ્રગતિ હેઠળના 'મોડલ રોડ' (નાની કેનાલ રોડ) ની રૂબરૂ મુલાકાત લઈ સમીક્ષા કરી

### સ્થાનિક રજૂઆતો સાંભળી પ્રશ્નોના તાકીદે નિવારણ બાબતે લોકો સાથે મંત્રીશ્રીએ સંવાદ સાધ્યો

**મંત્રીશ્રીએ સ્થળ પર તલસ્પર્શી નિરીક્ષણ કરી કામગીરી ગુણવત્તાસભર અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા અધિકારીઓ-કોન્ટ્રાક્ટરને સૂચના આપી**



કમલમ્,

મોરબી શહેરના માળખાકીય વિકાસ અને જાહેર સુવિધાઓના કામોને વેગ આપવા માટે ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા દ્વારા મોરબી મહાનગરપાલિકાના પ્રગતિ હેઠળના મોડલ રોડ (નાની કેનાલ રોડ) ની આકસ્મિક મુલાકાત લઈ સઘન સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ વિકાસ કાર્યના સ્થળ પર રૂબરૂ જઈને તલસ્પર્શી નિરીક્ષણ કર્યુ હતું અને ત્યાં ઉપસ્થિત મહાનગરપાલિકાના ઈજનેરો, ઉચ્ચ અધિકારીઓ તથા સંબંધિત કોન્ટ્રાક્ટર સાથે ટેકનિકલ બાબતો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી. મંત્રીશ્રીએ નગરજનોની સુવિધા માટે આ મોડલ રોડનું નિર્માણ કાર્ય સંપૂર્ણ ગુણવત્તાસભર રાખવા તેમજ તેને નિયત સમયમર્યાદામાં અચૂક પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. મંત્રીશ્રીએ સ્થાનિક નાગરિકો સાથે અત્યંત સાહજિક સંવાદ સાધીને ઓન-ધ-સ્પોટ તેમની રજૂઆતો અને પ્રશ્નો સાંભળ્યા હતા, તેમજ લોકહિતના આ પ્રશ્નોનું વહીવટી સ્તરેથી તાકીદે નિવારણ લાવવામાં આવશે તેવું જણાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીની સાથે મોરબી મહાનગરપાલિકાના મેયર શ્રી ઉત્તમ સુરાણી, મહાનગરપાલિકાના કમિશનર શ્રી સંગીતા રૈયાણી, ડેપ્યુટી મેયર શ્રી ચિરાગભાઈ રાણપરા, નાયબ કમિશનર શ્રી સંજય સોની તેમજ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, મહાનગરપાલિકાની ટેકનિકલ ટીમ, વહીવટી કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટર એજન્સીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે રાજ્યની ઐતિહાસિક પહેલ: ગુજરાત નોલેજ સોસાયટી -GKS અને અમેરિકાની વૈશ્વિક અગ્રણી કંપની 'Bentley Systems' વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી

### MOUથી રાજ્યની તમામ ૧૬ સરકારી ઈજનેરી અને ૩૧ સરકારી પોલિટેકનિક કોલેજના ૧૪,૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૩૦૦થી વધુ અધ્યાપકોને મળશે નિઃશુલ્ક આધુનિક ટેકનોલોજીનું જ્ઞાન



**સરકાર પર કોઈપણ પ્રકારના નાણાકીય ભારણ વિના વિદ્યાર્થીઓને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વોટર નેટવર્ક અને ડિજિટલ ટ્વીન જેવા ક્ષેત્રોમાં અદ્યતન પ્રેક્ટિકલ તાલીમ અપાશે**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને ઉચ્ચ -તાંત્રિક શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તેમજ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાના નેતૃત્વમાં ગુજરાત નોલેજ સોસાયટી-GKS અને અમેરિકાની વૈશ્વિક અગ્રણી કંપની 'Bentley'™e Bentley Systems India Private Limited' વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી કરવાનું એક ઐતિહાસિક કદમ રાજ્ય સરકારે ઉઠાવ્યું છે. ગુજરાત સરકારના ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી હેઠળ કાર્યરત ગુજરાત નોલેજ સોસાયટી GKS અને અમેરિકાની ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોફ્ટવેર ક્ષેત્રની વૈશ્વિક અગ્રણી કંપની Bentley Systems વચ્ચે એક મહત્વપૂર્ણ બિન-વ્યાવસાયિક - Non-Commercial વ્યૂહાત્મક ભાગીદારીના રૈકરવામાં આવ્યા છે. આ MoUનો મુખ્ય હેતુ રાજ્યના એન્જિનિયરિંગ ક્ષેત્રના વિદ્યાર્થીઓને વૈશ્વિક ઉદ્યોગ પ્રથાઓ -Global Industry Practices થી સજ્જ કરી રોજગારલક્ષી બનાવવાનો છે. આ ભાગીદારી અંતર્ગત રાજ્યની તમામ ૧૬ સરકારી ઈજનેરી કોલેજો અને ૩૧ સરકારી પોલિટેકનિક કોલેજોના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના આશરે ૩૦૦થી વધુ અધ્યાપકો માટે Bentleyના વૈશ્વિક નિષ્ણાતો દ્વારા વિશેષ 'Faculty Development Program' -FDPનું આયોજન કરવામાં આવશે. આ અનોખી પહેલનો સીધો લાભસિવિલ એન્જિનિયરિંગ તેમજ તેની સંબંધિત શાખાઓના અંદાજે ૧૪,૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને મળશે. તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને MicroStation, Open Roads, OpenFlows, Synchro અને Digital Twin જેવા અદ્યતન ડિજિટલ એન્જિનિયરિંગ ટૂલ્સ પર પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત, પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, હેકાથોન અને ડિઝાઈન સ્પર્ધાઓના માધ્યમથી વિદ્યાર્થીઓમાં વ્યવહારુ અને ટેકનિકલ કૌશલ્યોનો મજબૂત વિકાસ કરાશે. આ પ્રસ્તાવિત રૈ અંતર્ગત રાજ્યના ટેકનિકલ શિક્ષણને વૈશ્વિક સ્તરે લઈ જવા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને વિનામૂલ્યે ૬૫થી વધુ 'Industry-standard' Bentley સોફ્ટવેર પૂરા પાડવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ઘરે બેઠા કે કોલેજમાં પોતાની અનુકૂળતાએ શીખી શકે તે માટે 'Bentley Learn Platform'ના માધ્યમથી સેલ્ફ-લર્નિંગ અને અદ્યતન ડિજિટલ એજ્યુકેશનની વિશેષ સુવિધા અપાશે. આ પહેલથી વિદ્યાર્થીઓ માત્ર સૈદ્ધાંતિક જ્ઞાન પૂરતા મર્યાદિત ન રહેતા, વાસ્તવિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની પ્રક્રિયા અને લાઈવ કેસ સ્ટડીઝ દ્વારા સીધો વ્યવહારુ અનુભવ મેળવી શકશે. આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને ગુજરાત નોલેજ સોસાયટી અને Bentley Systems દ્વારા સંયુક્ત પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, જે વિદ્યાર્થીઓ માટે વૈશ્વિક સ્તરના ડિજિટલ બેજ અને આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવાની સુવર્ણ તક બનશે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગ જગતના પ્રમુખ નિષ્ણાતો સાથે સીધો સંવાદ, વિશેષ ગેસ્ટ લેક્ચર્સ, ઈન્ટર્નશિપ અને ઈન્ડસ્ટ્રિયલ વિઝિટ્સનું પણ વ્યાપક આયોજન કરવામાં આવશે. આ પહેલ કેન્દ્ર સરકારના 'સ્કિલ ઈન્ડિયા', 'ડિજિટલ ઈન્ડિયા' અને 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)'ના વિઝન સાથે સુસંગત છે. આ શૈક્ષણિક જોડાણ અંતર્ગત રાજ્યના ભવિષ્યના એન્જિનિયરો ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ્સ, સ્માર્ટ વોટર નેટવર્ક અને ડિજિટલ ટ્વીન જેવી આગામી પેઢીની આધુનિક ટેકનોલોજીમાં સંપૂર્ણપણે નિપુણ અને સક્ષમ બનશે. આ ભાગીદારીની સૌથી મોટી વિશેષતા એ છે કે, રાજ્ય સરકાર પર કોઈપણ પ્રકારના આર્થિક કે નાણાકીય ભારણ વિના ટેકનિકલ શિક્ષણમાં અભૂતપૂર્વ ગુણાત્મક સુધારો લાવી શકાશે. આ ગ્લોબલ કનેક્ટથી ગુજરાતના વિદ્યાર્થીઓ વધુ કુશળ, ઉદ્યોગ-સજ્જ -(ndustry-ready) અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનશે. જેના લાંબાગાળાના પરિણામે રાજ્યના મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ગુણવત્તા, પારદર્શિતા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે તથા ગુજરાત વૈશ્વિક સ્તરે કૌશલ્યવાન માનવબળ (Skilled Manpower)નું હબ બનશે. આમ, આજના ડિજિટલ યુગમાં રાજ્યના યુવા એન્જિનિયરોને ગ્લોબલ લીડર બનાવવા માટે ગુજરાત સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે.

# મોરબીમાં સ્વચ્છતા અભિયાન અન્વયે શ્રમદાનમાં સહભાગી બનતા રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા

### મંત્રીશ્રીએ નવલખી રોડ વિસ્તારમાં જાતે શ્રમદાન કરી નાગરિકોને પ્રેરણા પૂરી પાડી

**સ્વચ્છાગ્રહી બનવા અનુરોધ કર્યો**

**મોરબીના પદાધિકારીશ્રીઓ / અધિકારીશ્રીઓ અને શહેરીજનો ઉત્સાહભેર શ્રમદાનમાં જોડાયા**



કમલમ્,મોરબી

મોરબી જિલ્લામાં '૧૨ વર્ષ વિકાસના, વિશ્વાસના, જન કલ્યાણના' અન્વયે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના અંતર્ગત મોરબી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉમદા આશય સાથે એક મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ વિશેષ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીના નવલખી રોડ પર આવેલા નવલખી ફાટકથી લઈને પરશુરામ બ્રિજ સુધીના વિસ્તારમાં શ્રમદાન કર્યુંહતું આ તકે મંત્રીશ્રીએ મોરબીના પ્રત્યેક નાગરિકને 'સ્વચ્છાગ્રહી' બનીને પોતાના વિસ્તારને સાફ-સુથરો રાખવા અને આ મહા-અભિયાનમાં સક્રિયપણે સહભાગી થવા જાહેર અનુરોધ કર્યો હતો. લોકોને સૌથી મોટું દુષણ- પ્લાસ્ટિકનું પ્રદૂષણ, મારો કચરો- મારી જવાબદારી, સ્વચ્છ શહેર- સુંદર શહેર અને પ્લાસ્ટિક છોડો પર્યાવરણ-બચાવો સહિતના સંદેશાઓ આપવામાં આવ્યા હતા. આ શ્રમદાનમાં મંત્રીશ્રીની સાથે મોરબી મહાનગરપાલિકાના મેયર શ્રી ઉત્તમ સુરાણી, જિલ્લા કલેક્ટર શ્રી સ્વપ્નિલ ખરે, મહાનગરપાલિકાના કમિશનર શ્રી સંગીતા રૈયાણી, ડેપ્યુટી મેયર શ્રી ચિરાગભાઈ રાણપરા, નાયબ કમિશનર શ્રીસંજયસોની તેમજ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, મહાનગરપાલિકા તથા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં મોરબીના શહેરીજનો સહભાગી બન્યા હતા.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષની ઉજવણી: બહુચરાજી શકિતપીઠ ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું

### નાણા રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલે બહુચરાજી મંદિર પરિસરમાં મંદિર અને મુખ્ય માર્ગો પર સફાઈ કરી નાગરિકોને પ્રેરણા આપી



કમલમ્,આણંદ

દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. "અવિરત ૧૨ વર્ષ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના" સૂત્ર હેઠળ આયોજિત આ ઉજવણીના ભાગરૂપે સુપ્રસિદ્ધ પ્રાચીન શક્તિપીઠ બહુચરાજી મંદિરના પરિસર અને મંદિરના મુખ્ય માર્ગ પર વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં રાજ્યના નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલે સ્વયં સહભાગી થઈને શ્રમદાન કર્યું હતું અને સેવા કાર્ય દ્વારા પ્રધાનમંત્રીના સફળ કાર્યકાળને બિરદાવ્યો હતો. નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં દેશે છેલ્લા ૧૨ વર્ષોમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. આ ૧૨ વર્ષોમાં કેન્દ્ર સરકારે વિશ્વાસ અને વિકાસના મજબૂત પાયા પર જનકલ્યાણની અનેક યોજનાઓ અમલી બનાવી છે. આ ગૌરવપૂર્ણ અવસરની ઉજવણી જ્યારે સેવાકીય કાર્યો દ્વારા કરવામાં આવે છે, ત્યારે તે સાચા અર્થમાં સાર્થક બને છે. શક્તિપીઠ બહુચરાજી જેવા પવિત્ર ધામમાં સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને સેવા કરવાનો અવસર મળવો એ મારા માટે સુખદ અને પુનિત અનુભવ છે. આ કાર્યક્રમ અંતર્ગત બહુચરાજી મંદિરના આંતરિક પરિસરની સાથે સાથે ભક્તો અને પ્રવાસીઓની અવરજવર ધરાવતા મુખ્ય માર્ગોપર સફાઈ કરવામાં આવી હતી. મંત્રીશ્રી કમલેશભાઈ પટેલએ જણાવ્યું હતું કે સ્વચ્છતા એ સંસ્કાર છે અને ધાર્મિક સ્થાનો પર આવી પ્રવૃત્તિઓથી સમાજમાં સકારાત્મક સંદેશ જાય છે. પ્રધાનમંત્રીના ૧૨ વર્ષના સફળ શાસનને જનસેવા સાથે જોડીને ઉજવવામાં આવી રહ્યો છે, જેમાં સ્થાનિક વહીવટીતંત્ર અને આગેવાનો પણ ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે. આ સ્વચ્છતા અભિયાન દ્વારા જનસામાન્યને પણ પોતાના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

